જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૪/૦૧/૨૦૨૫ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૬/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૭૩ લીટર દેશી દારૂ, ૨૯૯૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૬૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૨ બિયર ટીન, ૧ સ્કુટર, ૧ ઓટોરિક્ષા અને ૧ લોડીંગ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૮૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૭/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૬૮/૨૦૨૫

**વટવાઃ** મકસુદાબીબી વા/ઓ હફીઝઉલ્લા શેખ (રહે. ઉજમા હાઉસ રહેમતનગર નવાપુરા વટવા) એ તા.૧૩/૦૧/૨૦૨૫ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૧/૨૦૨૫ બપોરના ૨/૦૦ થી તા.૧૩/૦૧/૨૦૨૫ કલાક ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરામાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૧૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી નિમીતભાઇ છગનભાઇ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૬૯/૨૦૨૫**

**શાહીબાગઃ** દેવુબહેન કનકસિંહ રાઠોડ (ઉ.વ.૬૨) (રહે. રાજલક્ષ્મી સોસાયટી ઈન્ડીયા કોલોની બાપુનગર) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૧/૨૦૨૫ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે શાહીબાગ સિવીલ હોસ્પિટલ ગેટ નંબર-૫ સામે એસ.ટી.બસ સ્ટેન્ડ ખાતે અજાણી વ્યક્તિએ દેવુબહેના રાઠોડના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૦/૨૦૨૫**

**મેઘાણીનગરઃ** ભીખાભાઇ ખોડાભાઇ પરમાર (ઉ.વ.૪૪) (રહે. હીરા માસ્તરની ચાલી છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર) તા.૦૬/૦૧/૨૦૨૫ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેસની સગડી ચાલું કરવા જતા ગેસ સિલીન્ડર લીકેઝ હોય આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૦૧/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું.  આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભીખાભાઇ ખેમાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી